# પોલીસ કમિશ્નર કચેરી, અમદાવાદ શહેર.

**જાહેરનામાં ક્રમાંક.ગ/ઉપક/લાયસન્સ શાખા/ ૪૫ /૨૦૧૮ તા.૨૧/૧૨/૨૦૧૮**

**ફોન નં.૦૭૯ - ૨૫૬૨૦૦૫૩**

જાહેરનામુ :

છેલ્લા કેટલાક સમયથી ઉત્તરાયણ વિગેરે તહેવારો વખતે ચાઈનીઝ તુક્કલ(સ્કાય લેન્ટર્ન) ખુબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. અને ચાઈનીઝ દોરી અને કાચની પાયેલ દોરીનો પતંગ ચગાવવામાં ઉપયોગ કરવામાં આવે છે. તુક્કલ(સ્કાય લેન્ટર્ન)માં હલકી ક્વોલીટીના સળગી જાય તેવા વેક્સ પદાર્થોના કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે અને લોકો, પશુપક્ષીના જાનમાલને પણ હાની પહોંચે છે. આથી આવી બાબત નિવારવા પ્રતિબંધ મુકવો જરૂરી છે.

વાસ્તે હું એ.કે.સિંઘ પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ -૧૯૭૩ ની કલમ ૧૪૪ અને ગુજરાત પોલીસ એક્ટ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(યુ), ૧૧૩ અન્વયે મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર, પોલીસ કમિશ્નરની હદ વિસ્તારમાં આવેલ જગ્યાઓએ સ્કાય લેન્ટર્નનાં આયાત, ઉત્પાદન,વેચાણ,વ્યાપાર સંગ્રહ અને ઉડાડવા ઉપર અને કોઈ વ્યક્તિઓએ પશુ,પક્ષીઓને, કોઇ મિલકતને ભય,ઈજા,ધાસ્તી થાય એવી રીતે પતંગ ઉડાવવો તે અંગે પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ આઈ.પી.સી. ની કલમ -૧૮૮ અને ગુજરાત પોલીસ એક્ટ-૧૯૫૧ની કલમ-૧૩૧,૧૧૭ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો અમલ તા.૨૪/૧૨/૨૦૧૮ થી તા.૧૭/૦૧/૨૦૧૯ સુધી રહેશે.

આજ રોજ તા.૨૧/૧૨/૨૦૧૮ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

જાવક/અ./પો. કમિ./... ૫૦૪૫/૧૮
પોલીસ કમિશ્નર કચેરી,
અમદાવાદ શહેર તા... ૨૧/૧૨/૧૮

નકલ સવિનય રવાના :

૧. મેનેજરશ્રી ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
   ૨/- ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસીધ્ધ કરવા સારૂ
૨. અધિક મુખ્ય સચીવશ્રી ગૃહ વિભાગ ગુજરાત સરકાર સચિવાલય ગાંધીનગર.
૩. પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.પોલીસ ભવન ગાંધીનગર.
૪.પ્રિન્સીપાલ સેક્રેટરીશ્રી ફોરેસ્ટ અને એન્વાયરમેન્ટ ડીપાર્ટમેન્ટ, બ્લોક નં.૧૪, આઠમો માળ,સચિવાલય, અમદાવાદ